જિલ્લાના ૫૯ ગામોને પ્લાસ્ટીક મુક્ત બનાવવાનો ૧૫મીથી પાયલોટ પ્રોજેક્ટ

ગાંધીનગરના ૯ અને કલોલ તાલુકાના ૫૦ ગામોમાં આ પાયલોટ પ્રોજેક્ટ : ત્રણ સ્વૈચ્છીક સંસ્થાઓ સાથે તંત્રએ એમ.ઓ.યુ. કર્યા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં ૫૯ ગામોને પ્લાસ્ટીક મુક્ત બનાવવા આ અંગે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે. આ સંસ્થાઓ દ્વારા ૧૦૦ દિવસ સુધી આ પાયલોટ પ્રોજેક્ટ સંભાળશે. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના પરામર્શમાં રહી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી આ પ્રોજેક્ટનું સતત મોનીટરીંગ કરશે.

મળતી વિગતો પ્રમાણે કલોલના ૫૦ અને ગાંધીનગર

માટેનો પાયલોટ પ્રોજેક્ટ આગામી ૧૫મી સપ્ટેમ્બરથી હાથ ધરવામાં આવશે.

ત્રણ સ્વૈચ્છીક સંગઠનો સાથે તાલુકાના નવ ગામોમાં આ પાયલોટ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવશે. આ ગામો ઔડા વિસ્તારમાં સમાવેશ થયેલા છે.

જિલ્લામાં પ્લાસ્ટીક મુક્ત અભિયાન માટે નેપરા ફાઉન્ડેશન દ્વારા ૪૧ ગામ, સુરક્ષા ફાઉન્ડેશન દ્વારા ૧૪ ગામ અને બોટલ ફોર ચેન્જ નામની સંસ્થા દ્વારા ૪ ગામોમાં આ પાયલોટ પ્રોજેક્ટનું અમલીકરણ કરશે.

આ ગામોમાં પ્લાસ્ટીકના વેસ્ટનું કલેક્શન કરવામાં આવશે આ પછી તેનુ સેગ્રીગેશન કરી નિકાલપાત્ર અને રિસાયકલીંગ માટેના પ્લાસ્ટીકને અલગ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આ કામગીરીને લઈ આ સ્વૈચ્છીક સંસ્થાઓ સફાઈ કર્મીઓને ખાસ તાલિમ આપશે એટલુ જ નહિ જરૂરી ઈન્સ્ટેન્ટીવ પણ કલેક્શનના પ્રમાણમાં ચુકવશે.

આજે આ પાયલોટ પ્રોજેક્ટના અમલીકરણ માટે તાલુકા વિકાસ અધિકારીઓ, સંબંધિત ગામના તલાટી કમ મંત્રીઓ, ત્રણેય સ્વૈચ્છીક સંસ્થાના પ્રતિનિધિઓ તેમજ ગ્રામ વિકાસ એજન્સીના નિયામક અને અન્ય અધિકારીઓની બેઠક પણ યોજાઈ હતી.

આજની આ બેઠકમાં અમલીકરણ માટેનો રોડમેપ તૈયાર કરી દેવામાં આવ્યો છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અને ગાંધીનગરના સાંસદ અમીત શાહ દ્વારા ગ્રામ્ય વિસ્તારને પ્લાસ્ટીકમુકત બનાવવાના અભિયાનને સઘન બનાવવા પર તાજેતરમાં તેમની મુલાકાત દરમ્યાન ભાર મુક્યો હતો અને તે પછી હરકતમાં આવેલ તંત્રએ આ દિશામાં કાર્યવાહીને ઝડપી બનાવી હવે પાઈલોટ પ્રોજેક્ટ હાથ ધરવાનો નિર્ણય કર્યો છે.

ચરેડી અને સરિતા ખાતે

બે વર્ષના અંતે પણ શુધ્ધિકરણ પ્લાન્ટ તૈયાર થયા નથી

સરિતા ફિલ્ટર પ્લાન્ટની કામગીરી મંદ ગતિએ : શુધ્ધિકરણ પ્લાન્ટની ક્ષમતા પર્યાપ્ત ન હોવાના લીધે તેમજ નવા પ્લાન્ટની કામગીરી પણ સમયસર પુર્ણ ન થતા પાણીની સમસ્યા પેચીદી બની

ગાંધીનગર તા ૭

નર્મદા કેનાલમાં પાણી વધવાની સાથે શહેરના સેકટરોમાં ડહોળુ પાણી આવતુ હોવાનો કકળાટ હજુ શમ્યો નથી ત્યાં સેકટરોમાં પુરતા ફોર્સથી પાણી સપ્લાય ન થતુ હોવાનો રોષ પ્રબળ બન્યો છે. જો કે હાલની સ્થિતિએ પાણી ફોર્સથી ન આવતુ હોવાની સાથે ડહોળા પાણીની સમસ્યા પાછળ પાણી પુરવઠા બોર્ડની મંદ કામગીરી જવાબદાર છે. છેલ્લા બે વર્ષના અંતે પણ બે નવા ફિલ્ટર પ્લાન્ટનુ કામ પુર્ણ થઈ શક્યુ નથી. જેના લીધે હાલ પણ શુધ્ધિકરણ પ્લાન્ટની ક્ષમતા પર્યાપ્ત નથી આવા સંજોગોમાં ચોમાસા દરમિયાન ડહોળા પાણીની સમસ્યાને ડામવા ફોર્સ ઘટાડવાની ફરજ પડે છે. જયારે પ્લાન્ટ કાર્યરત ન હોવાથી ખપના પ્રમાણમાં સામે શુધ્ધ પાણીની જરૂરિયાત સંતોષાતી નથી. બાકી હાલ તંત્ર પાસે ઉપલબ્ધ પુરવઠો જરૂરથી વધારે છે. આમછતા પાણીની બુમ ઉઠવા પામે છે.

ગાંધીનગર શહેરના સેકટરોમાં નર્મદાનુ પાણી સપ્લાય કરવામાં આવે છે. જયારે ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં સેકટરોમાં સ્થિત બોરનો પણ વિશેષ ઉપયોગ કરવામાં આવે છે. પાણી પુરવઠા બોર્ડ દ્વારા પાણી પુરવઠો પાટનગર યોજના વિભાગને સપ્લાય કરવામાં આવે છે. શુધ્ધ પાણી સપ્લાય થતા તંત્ર દ્વારા સેકટરોમાં આ પુરવઠો સપ્લાય કરવામાં આવે છે. પરંતુ હાલ ચોમાસા દરમિયાન ઉપરવાસમાં વધુ વરસાદના લીધે છેલ્લા કેટલાક સમયથી સેકટરોમાં વારંવાર ડહોળુ પાણી આવતુ હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. જેના લીધે પાણીની ગુણવત્તા સામે પણ સવાલો મંડરાય છે. આ ઉપરાંત છેલ્લા કેટલાક સમયથી પુરતા ફોર્સથી પાણી ન આવતુ હોવાનો રોષ પ્રબળ બન્યો છે. સેકટરોમાં રહીશોના ઘરોમાં પાણીની ટાંકી પણ પુરતી ભરાતી ન હોવાથી ઘણીવાર પાણીની પોકાર ઉઠવા પામે છે. શહેરમાં એકબાજુ સ્માર્ટ સીટી અન્વયે નવી લાઈન નાંખવામાં આવી રહી છે. આ ઉપરાંત ચરેડી અને સરિતા ખાતે

● અનુસંધાન પાન-૭ પર

ધોળાકુવા પાસે ડિસેમ્બર સુધીમાં નમુનારૂપ ઓવરબ્રિજ તૈયાર થઈ જશે

અંદાજિત ૪૫ કરોડના ખર્ચે તૈયાર થઇ રહેલા આ બ્રિજના નિર્માણનુ કામ નમુનારૂપ : રાજયમાં પ્રથમવાર સિંગ્લ કોલમ પર ઓવરબ્રિજનુ બાંધકામ

ગાંધીનગર તા ૭

ગાંધીનગરમાં ચ- ૦ થી એરપોર્ટ તરફ જવાના માર્ગ પર ટ્રાફિકની સમસ્યાનો ટુંક સમયમાં અંત આવી જશે. ધોળાકુવા પાસે નમુનારૂપ બ્રિજ તૈયાર કરવામાં આવી રહ્યો છે. એક કીલોમીટરની લંબાઈમાં આ બ્રિજ તૈયાર કરવામાં આવી રહ્યો છે. રાજયમાં પ્રથમ સિંગ્લ કોલમ પર સિક્સલેન પર ઓવરબ્રિજનુ બાંધકામ હાથ ધરવામાં આવ્યુ છે. આ અનોખા બ્રિજના લીધે ટ્રાફિકની પેચીદી સમસ્યા પણ સરળ બનશે ગિફટ સીટી તેમજ સરગાસણ તરફ જતો ટ્રાફિક ક્રોસ નહીં થાય જયારે સિંગ્લ કોલમ પર છ માર્ગીય ઓવરબ્રિજનુ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે.

ગાંધીનગરમાં આ પ્રકારનો બ્રિજ તૈયાર કરવામાં આવતા જમીન પર રોકાતી સ્ટ્રકચર માટેની જગ્યા પણ બહુ રોકાતી નથી જયારે ઓવરબ્રિજની બન્ને સાઈટ રોડ નેટવર્કના વાઈડનીંગ પર પણ અસર પડતી નથી. જયારે સિંગ્લ કોલમની ડિઝાઈન પણ ઈજનેરી ક્ષેત્રે એક નવી વાત છે. જયારે મજબુતી પણ જળવાઈ રહે છે. સિંગ્લ કોલમ સિકસલેન ઓવરબ્રિજની લંબાઈ ૯૫૦ મીટર અલબત્ત એક કીલોમીટરની છે. આ મામલે પાટનગર યોજના વિભાગના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર આ ઓવરબ્રિજના નિર્માણ પાછળ રૂ ૪૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જયારે આ ઓવરબ્રિજનુ કામ પણ તેજ ગતિએ ચાલી રહ્યુ છે. જયારે આગામી ડિસેમ્બર મહીના પુર્વે આ કાર્યયોજના પુર્ણ કરી દેવાશે તેમ પણ મનાઈ રહ્યુ છે. બ્રિજને આનુસંગિક કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. જેમા એપ્રોચ માર્ગનુ કામ પણ ચાલી રહ્યુ છે. બ્રિજમાં ૩૫ મીટરની લંબાઈના આઠ ગાળા પાડવામાં આવ્યા છે. જયારે આ પૈકીના ચાર ગાળાનુ કામ પણ પુર્ણતાના આરે છે. આ કામગીરી બાદ તેના પર પ્રિકાસ્ટ બ્લોકસ મુકવામાં આવશે. ઓવરબ્રિજનુ કામ પુર્ણ થાય

● અનુસંધાન પાન-૭ પર

પાણી બચાવો અભિયાનના લીરેલીરા - ગાંધીનગરમાં ભર ચોમાસે પાણીનો પોકાર છે. ક્યારેક ડહોળુ પાણી આવે છે તો ક્યારેક સાવ ઓછા ફોર્સથી પાણી આવે છે. વસાહતીઓ ભર ચોમાસે પાણી માટે હેરાન પરેશાન થઈ રહ્યા છે. પાણીની સમસ્યા છે ત્યારે જ સેકટર-૬ માં ઘ-૨ કોર્નર પાસે પાણીની પાઈપમાં ભંગાણ થતાં રોડ પર પાણી વહ્યુ હતુ. તંત્રએ કામગીરી શરૂ કરી હતી.

શહેરમાં સ્વાઈન ફલુના વધુ ૪ કેસ નોંધાયા

સે. ૧૨માંથી બે કેસ તેમજ વાવોલ અને સરગાસણમાંથી કેસ મળ્યા : શહેરમાં સ્વાઈન ફલુના કેસોની સંખ્યા ૬૮ પર પહોંચી

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફલુના વધુ ૪ કેસ નોંધાતા તંત્ર આખો દિવસ દોડતુ રહ્યુ હતુ. શહેરમાં આજે નોંધાયેલા ૪ કેસ સાથે કેસોની સંખ્યા ૬૮ પર પહોંચી છે.

ગાંધીનગર શહેરમાં જે ગતિએ સ્વાઈન ફલુના કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. જો કે તંત્ર દ્વારા પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે.

શહેરમાં આજે નોંધાયેલા ૪ કેસમાં ૩ કેસ મહિલા દર્દીઓના છે. મહિલા દર્દીઓની વધતી જતી સંખ્યાને લઈ તંત્ર ચિંતાતુર બન્યુ છે. આજે નોંધાયેલા ૪ કેસમાં એક દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં સમાવિષ્ટ સરગાસણ ગામેથી ૬૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આજે વધુ બે કેસ સે. ૧૨માંથી મળી આવ્યા છે. આ બન્ને મહિલા દર્દી છે. આ બન્ને દર્દીમાં એક ૨૩ વર્ષીય મહિલા અને એક ૨૨ વર્ષીય મહિલાનો સમાવેશ થાય છે. આ બન્ને મહિલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

આયુર્વેદ સારવાર કેમ્પનો ૧૪ હજાર જેટલા પદયાત્રીઓએ લાભ લીધો

ગાંધીનગર, તા. ૭

ભાદરવી પૂનમના મેળામાં ભાગ લેવા જતા ૧૪ હજાર જેટલા પદયાત્રીઓએ જિલ્લા આયુર્વેદ કચેરી દ્વારા ઉભા કરાયેલ સારવાર કેન્દ્રની સેવાનો લાભ લીધો હતો.

પદયાત્રીઓ માટે ૪ સ્થાનો પર આયુર્વેદ અધિકારીની કચેરી દ્વારા ૧લી સપ્ટેમ્બરથી આ સેવા કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા હતા. આ ચારેય કેન્દ્રો પર આયુર્વેદ અને હોમીયોપેથીના કર્મયોગીઓએ ખડેપગે પદયાત્રીઓની સેવા કરી હતી.

આ સારવાર કેમ્પોમાં પગના દુઃખાવાની, પગ ભરાઈ જવાની ફરિયાદો પદયાત્રીઓએ કરી હતી. આ કેમ્પમાં પદયાત્રીઓને માલિશ, શેક અને એક્યુપ્રેસરથી સેવાઓ કરવામાં આવી હતી અને તેનાથી પદયાત્રીઓનો ઉત્સાહ પણ બેવડાતો જોવા મળ્યો હતો.

આ પદયાત્રીઓ માટેના સેવા કેમ્પમાં ૧૨,૩૩૧ જેટલા પદયાત્રીઓએ આયુર્વેદ સારવારને પ્રથમ પસંદગી આપી હતી તો ૧૨૦૦ જેટલા દર્દીઓએ હોમીયેપેથીની સેવાઓ પસંદ કરી હોવાનુ જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે હોમીયોપેથી દ્વારા ૧૪૧૦ દર્દીઓને આર્ષેનિક આલ્બના ડોઝનું પણ વિતરણ કર્યુ હતુ. બેવડી ઋતુનું વાતાવરણ હોવાથી પદયાત્રીઓએ ઉકાળાનું પણ મોટી સંખ્યામાં સેવન કર્યુ હતુ.

ગાંધીનગરમાં આગામી બે થી ત્રણ સપ્તાહ સુધી હળવા ભારે વરસાદી ઝાપટા પડશે

સપ્ટેમ્બર અંતમાં પણ રાજયના જુદા જુદા ભાગોમાં પણ વરસાદ જયાં ચટે ત્યાં પડશે : ભાદરવામાં ગરમીનો પારો ૩૬ ડીગ્રી આસપાસ રહેશે : દિવાળી બાદ સવારે અને રાત્રે ગુલાબી ઠંડી પડવાનુ શરૂ થશે : વાવાઝોડાની સંભાવના નથી : અંબાલાલ પટેલ

ગાંધીનગર તા ૭

ગાંધીનગર અમદાવાદમાં આગામી બે થી ત્રણ સપ્તાહ દરમિયાન વરસાદી ઝાપટા પડશે જયારે હમણાં કોઈ વાવાઝોડાની સંભાવના નથી જયારે સપ્ટેમ્બર મહીનાના અંતમાં રાજયના વિવિધ ભાગોમાં વરસાદ ચઢે ત્યાં પડે તેવી શકયતા છે. જયારે તા ૧૦ થી ૧૭ સપ્ટેમ્બર દરમિયાન હળવો ભારે વરસાદ થશે. ભાદરવામાં ગરમીનો પારો ૩૬ ડીગ્રીની આસપાસ રહેશે. જયારે દિવાળી બાદ વહેલી સવારે અને રાત્રિના સમયે ગુલાબી ઠંડીની મોસમ શરૂ થશે.

હાલમાં રાજયમાં વરસાદે વિરામ લીધો છે ત્યારે હજુ પણ રાજયના કેટલાક ભાગોમાં વરસાદ ઓછો છે. કેટલાક ભાગમાં વરાપ થઈ વાવેતર થયા છે ત્યાં દિવેલા સહીત અન્ય પાક પર જો વરસાદ થાય તો આવા વાવેતર બરાબર ઉગી શકતા નથી. જયારે મેં જુનમાં વાવેતર કરેલા કપાસમાં વરસાદ થાય તો વિષમ હવામાનની વિપરિત અસરના લીધે કપાસના ઉત્પાદન પર અસર થતી હોય છે. કેટલાક ધાન્ય પાક નિધલ અવસ્થામાં આવ્યા હોય ત્યારે સુર્યના તાપની જરૂર હોય છે. પરંતુ હજુ પણ વરસાદ થવાની શકયતા રહેલી છે. સપ્ટેમ્બરની શરૂઆતમાં વાયવ્ય ખુણાંમાથી ચોમાસુ વિદાય લેતુ હોય છે. પરંતુ ચોમાસામાં વિદાય અંગે તેની ભેજ વરસાદ દબાણ વગેરેની ગણતરી હવામાનના અંદાજ પ્રમાણે થતી હોય છે. સામાન્ય રીતે ઉત્તર ગોળાર્ધમાં ગરમી પડે ત્યારે ભારતમાં મોસમી પવનો પાછા ફરવામાં વિલંબ થતો હોય છે. ઉત્તર ગોળાર્ધ અને એશિયા ખંડ વગેરેમાં ઠંડા પડતા હોય છે. ત્યારે હીમાલય અને ઉત્તર ભારતમાં ઠંડી હવા આવતા મોસમી પવનો આવા વખતે પાછા ફરતા હોય છે. પરંતુ આ વર્ષે વિશિષ્ટ સ્થિતિના લીધે બંગાળના ઉપસાગરમાં હવાના હળવા દબાણ ઉભા થવાની શકયતા રહેશે. સામાન્ય રીતે સપ્ટેમ્બર ઓકટોબર અને નવેમ્બરમાં બંગાળના ઉપસાગરમાં વાવાઝોડા થતા હોય છે. ક્યારેક અરબી સમુદ્રમા પણ થતા હોય છે પરંતુ આ વાવાઝોડાની ગતિવિધિ હવામાન ખાતાને જ અનુસરવી હાલમાં દહન નાડીમાં ગ્રહો હોવાથી ગરમી પડશે. તા ૨૩ સપ્ટેમ્બરથી ઓકટોબર વચ્ચે ગરમી રહેશે. જયારે વચ્ચે વચ્ચે વરસાદ થાય તો ગરમીમાં વધઘટ થઈ શકે. બંગાળના ઉપસાગરમાં તા ૭ થી ૯ સપ્ટેમ્બર દરમિયાન હવાનુ દબાણ ઉભુ થવાની સંભાવના રહેતા રાજયના કેટલાક ભાગોમાં વરસાદ આવવાની સંભાવના છે. જો કે આ વહનનો ભાગ ઉત્તર ભારત તરફ પણ ફંટાઈ જવાની સંભાવના છે. જેના લીધે

● અનુસંધાન પાન-૭ પર

ચડાવ-ઉતાર : કોરોનાના આજે વધુ નવ કેસ નોંધાયા

શહેરમાં સરગાસણમાં બે, સે. ૨૦ અને પેથાપુરમાંથી કેસો મળ્યા : જિલ્લાના ગ્રામ્યમાં દહેગામ-ગાંધીનગરમાં બે-બે તથા કલોલમાં એક કેસ નોંધાયો

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના કેસો ધીમી ગતિએ વધી રહ્યા છે. શહેર-જિલ્લામાં કોરોનાના કેસો આજે વધુ નવ નોંધાયા છે.

ગાંધીનગર શહેરમાં ૪ અને ગ્રામ્ય વિસ્તારમાં વધુ પાંચ કેસ નોંધાયા છે. શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં સતત ચડાવ-ઉતાર નોંધાતો રહેતો હોવાથી તંત્રની ચિંતા વધી છે. કેસો ધીમી ગતિએ જે રીતે વધી રહ્યા છે તેને તંત્રએ ગંભીર લેખાવ્યા છે. જો કે કેસોમાં ડાઉનફોલ હવે શરૂ થશે તેવો વિશ્વાસ કેટલાક તબીબો વ્યક્ત કરી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના ૪ નવા કેસ નોંધાયા છે અને ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ત્રણ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. બધા જ કેસો લોકલ ટ્રાન્સમિશનથી નોંધાયા હોવાનું તંત્રની તપાસમાં જાણવા મળ્યુ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં બે કેસ સરગાસણમાંથી, પેથાપુર અને સે. ૨૦માંથી એક એક કેસ મળી આવેલ છે. આજે નોંધાયેલ તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે પ કેસ નોંધાયા છે. જેમાં એક દર્દી ૬૦ કે તેથી વધુ વયના છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામમાં બે, ગાંધીનગરમાં બે અને કલોલમાં એક કેસ નોંધાયો છે.

દહેગામ તાલુકાના કડાદરા ગામેથી બે કેસ મળી આવ્યા છે. ગાંધીનગર તાલુકાના ધણપ અને વાસન ગામેથી એક-એક કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકાના નારદીપુર ગામે ૬ વર્ષની આયુ ધરાવતી દિકરીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસો સાથે એકટીવ કેસની સંખ્યા ૨૨ પર પહોંચી છે. ગ્રામ્ય વિસ્તારમાં ૯૪૦થી વધુ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

શહેર-જિલ્લામાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમની અમલવારી સાથે વેક્સિનેશન અભિયાન સઘન બનાવવા તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા તાકીદ કરી છે.

કોંગ્રેસમાં ૧૨મી સુધી ટિકિટ વાચ્છુકો કરી શકશે દાવેદારી

ગાંધીનગર,તા.૭

ગુજરાત વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે ગુજરાત કોંગ્રેસના પ્રમુખ જગદીશ ઠાકોરે પત્રકાર પરિષદ યોજી કેટલીક મહત્વની જાહેરાતો કરી છે અને સ્કેનિંગ કમિટીએ જે કાર્યક્રમો તૈયાર કર્યા છે એ કાર્યક્રમોની વિગતો આપી છે.

સ્ક્રીનિંગ કમિટીની બેઠક બાદ જગદીશ ઠાકોરએ નિવેદન આપતા કહ્યું કે, કોંગ્રેસે ઉમેદવારની પસંદગી પ્રક્રિયાની શરૂઆત કરી છે. ઉમેદવારો માટે ૧૩૦ સૂચનો મળ્યા છે. અંતિમ તબક્કામાં કાર્યક્રમ તૈયાર થયો છે.

વધુમાં ઠાકોરે કહ્યું કે, '૧૨ સપ્ટેમ્બર સુધી ટિકિટ વાચ્છુકો દાવેદારી કરી શકશે. જિલ્લા કોંગ્રેસ કમિટીએ બાયોડેટા ૧૫ તારીખ સુધીમાં પ્રદેશ કાર્યાલયે પહોંચાડવાના હશે. આગામી ૨૧, ૨૨ અને ૨૩ સપ્ટેમ્બર ઈલેક્શન કમિટી બેઠક મળશે. દાવેદારોને સાંભળવામાં આવશે અને દાવેદારોની પેનલ બનાવી સ્ક્રિનીગ કમિટી સમક્ષ રજૂ કરાશે.'

હાર્દિક અભિનંદન

શ્રી ગોવિંદજી કનુજી વણઝારા

આપશ્રીની ગુજરાત વણઝારા સમાજમાં પ્રમુખ તરીકે વરણી થવા બદલ ખુબ ખુબ અભિનંદન સાથે આપ સમાજના અગ્રણી બની હંમેશા સમાજની પડખે ઉભા રહો તેવી શુભેચ્છા...

પ્રકાશ બી. વણઝારા
મહેશ એન. વણઝારા

ફર્મ : પી.એમ. કન્સ્ટ્રકશન, પી. આર્યવત એન્ટરપ્રાઈઝ અને સાંઈ એન્ટરપ્રાઈઝ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com